Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0241

Continuous Issue-29 | December – February 2018

ગુજરાતમાં સ્વતંત્રતાસંગ્રામને લગતું ઇતિહાસલેખન (ખેડા જિલ્લાના સંદર્ભમાં)

પ્રસ્તાવનાઃ

ઇતિહાસમાં ઇતિહાસલેખન માટે વિવિધ શાખાઓ વિશેની માહિતી આપણને મળે છે. જેમ કે બ્રિટીશ વહિવટી શાખા,રાષ્ટ્રવાદી શાખા,માર્ક્સવાદી શાખા,અનાલ્સ શાખા, સબલ્ટન શાખા તથા કેમ્બ્રિજ શાખા વગેરે વગેરે. આ દરેક શાખાના લેખનમાં ભારતના ઇતિહાસના ઇતિહાસલેખન વિશે ઘણું બધું લખાયું છે.જો કે દરેક શાખાના ઇતિહાસ લેખનમાં પોતાનાં અંગત મંતવ્યો તથા બાબતોને ધ્યાને રાખી ભારતીય ઇતિહાસનું લેખન થયું છે, જે નોંધપાત્ર બાબત છે.

ભારતના ઇતિહાસની જેમ ગુજરાતના ઇતિહાસની વાત કરીએ તો તેના વિવિધ યુગો જેવા કે સોલંકી યુગ, સલ્તનત યુગ, મુઘલ યુગ, બ્રિટીશ યુગ વિશે પણ ઘણું બધું ઇતિહાસ લેખન થયેલું જોવા મળે છે. ગુજરાતના ઇતિહાસમાં સ્વતંત્રતા યુગ ખૂબ જ મહત્વનો ગણાય છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની લડતોમાં ગુજરાતે અગ્રેસર ભૂમિકા ભજવી છે તેથી ગુજરાતના તમામ પ્રદેશોમાં સ્વાતંત્ર્ય યુગનું ઘણું બધું ઇતિહાસ લેખન થયેલું છે.

ગુજરાતમાં આવેલા ચરોતર પ્રદેશ(ખેડા જિલ્લા)નો ઇતિહાસ તપાસીએ તો જાણવા મળે છે કે ગુજરાતના પ્રથમ સત્યાગ્રહ – ખેડા સત્યાગ્રહથી શરૂ કરી સૈન્ય ભરતી, બોરસદ અને બારડોલી સત્યાગ્રહ, અસહકારની ચળવળ, સવિનય કાનૂનભંગની ચળવળ, વ્યક્તિગત સત્યાગ્રહ, હિંદ છોડો ચળવળ જેવી તમામ લડતોમાં આ પ્રદેશની પ્રજાએ મહત્વનું યોગદાન આપ્યું હતું. આપણે સૌ પ્રથમ આ અંગની માહિતી આપતાં કેટલાંક પુસ્તકો વિશે માહિતી મેળવીએ.

1) સ્વાતંત્ર્ય સંગ્રામની લડતોમાં ખેડા જિલ્લાએ આપેલાં યોગદાન વિશેની માહિતી આપતાં પુસ્તકો-

1) ગાંધી, મોહનદાસ.
'ગાંધીજીનો અક્ષરદેહ',ભાગ-14,15,18, પ્રથમ આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,1970
2) દેસાઇ,મહાદેવભાઇ.
'મહાદેવભાઇની ડાયરી',ભાગ-1,2, પ્રથમ આવૃત્તિ,સાબરમતી સુરક્ષા આશ્રમ ટ્રસ્ટ,અમદાવાદ, 1972
3) પટેલ,મણિબહેન.
'બોરસદ સત્યાગ્રહ',પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ,1972.
4) પરીખ,નરહરિભાઇ.
'સરદાર વલ્લભભાઇ', ભાગ-1,2, પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,1950.

5) પરીખ,શંકરલાલ.
'ખેડાની લડત',પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,1972.

6) પાઠક,રામનારાયણ.
'ખેડા જિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ'(ઇ.સ.1857 થી 1947), પ્રથમ આવૃત્તિ,સરદાર વલ્લભભાઇ સમાજસેવા ટ્રસ્ટ,નડિયાદ,1979.

7) યાજ્ઞિક,ઇન્દુલાલ.
'આત્મકથા' ભાગ-2, 'ગુજરાતમાં નવજીવન',પ્રથમ આવૃત્તિ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,1955.

ઉપરોક્ત તમામ પુસ્તકોના લેખકો સ્વાતંત્ર્યસેનાનીઓ હતા. તેઓએ જે તે લડતમાં, સત્યાગ્રહના પ્રસંગોમાં ભાગ લીધો હોવાથી આ લડતો વિશેની માહિતી આ પુસ્તકોમાંથી પ્રાપ્ત થાય છે. જો કે તેમાં ઘણી જગ્યાએ અતિશયોક્તિ પણ જોવા મળે છે. આ પુસ્તકો સિવાય ઉમરાજવાલા રમેશભાઇ- 'ચરોતરના સત્યાગ્રહો', જોષી બિંદુવાસિની – 'ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતની પત્રિકા પ્રવૃત્તિ', દેસાઇ નારાયણભાઇ – 'મારું જીવન એ જ મારી વાણી', મોદી ધર્મિષ્ઠા 'સવિનય કાનૂનભંગની ચળવળમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતની સ્ત્રીઓનું યોગદાન', શાહ પુરૂષોત્તમ અને શાહ ચંદ્રકાન્ત 'ચરોતર સર્વ સંગ્રહ' ભાગ 1 અને 2, શાહ પ્રવીણકાન્ત 'નડિયાદની રાષ્ટ્રીય અસ્મિતા', શાસ્ત્રી હરિપ્રસાદ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ- આઝાદી પહેલા અને પછી',રાવજીભાઇ પટેલ-'જીવનના ઝરણાં',રામનારાયણ પાઠક 'સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ', 'દાંડીકૂચ' બબલભાઇ મહેતા જેવાં પુસ્તકો જે આધુનિક સમયમાં લખાયાં હોવા છતાં (એક રીતે તેને દ્વિતીય કક્ષાના સાધન ગણાવી શકાય) તેમાંથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લાનાં યોગદાન વિશે માહિતી પ્રાપ્ત થાય છે.

2) સામયિકો અને પત્રિકાઓ

સ્વાતંત્ર્ય સંગ્રામની લડતોમાં ખેડા જિલ્લાનાં યોગદાન વિશેની માહિતી કેટલાંક સામયિકો, પત્રિકાઓ તથા દફ્તરીય સંદર્ભોમાં પણ પ્રાપ્ત થાય છે. જેમાં નવજીવનનો સમાવેશ ખાસ કરી શકાય. મહાત્મા ગાંધીએ નવજીવન સામયિકમાં ખેડા જિલ્લાની સ્વાતંત્ર્ય ઝંખના વિશે લેખો લખ્યા હતા. જેવા કે,

- નડિયાદીઓની અરજી, તા 7/11/1919
- પરદેશી કાપડ હદપાર કરો, 7/12/1922
- શાબાશ નડિયાદ, 10/12/1922
- ખેડાનો ઉત્સવ, 5/9/1922
- પકડા પકડી અને જંગલી ન્યાય, 13/4/1930
- સ્વદેશી પ્રદર્શન તથા ખેડા જિલ્લો, 27/9/1931

જે ઉપરથી ખેડા જિલ્લાની પ્રજાએ સ્વદેશી પ્રચાર, વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર, પિકેટીંગ, દારૂનિષેધ જેવા રચનાત્મક કાર્યક્રમો દ્વારા આપેલાં યોગદાનની માહિતી મળે છે.આ સિવાય સ્વતંત્રતા સમયે કેટલીક પત્રિકાઓ પણ ખેડા જિલ્લામાંથી પ્રગટ થતી હતી. જેમાં,

- ખેડા સંગ્રામ સમાચાર,ખેડા જિલ્લા સમિતિ,નડિયાદ.1930

- ખેડા જિલ્લા પત્રિકા
- બોરસદ સત્યાગ્રહ સમાચાર
- માતર સંગ્રામ સમાચાર પત્રિકા
- ગુજરાત સત્યાગ્રહ સમાચાર પત્રિકા

આ પત્રિકાઓમાંથી જે તે લડત સમયના કાર્યક્રમો, પોલીસના અત્યાચારો, સ્વદેશી પ્રચાર, વિદેશી કાપડની દુકાનો પર પિકેટીંગ, નેતાઓના પ્રજાજોગ સંદેશાઓ વગેરે પ્રકારની સચોટ માહિતી પ્રાપ્ત થાય છે. આ પત્રિકાઓ લોકોમાં સ્વાતંત્ર્ય જાગૃતિનું કાર્ય કરતી હોવાથી સરકારે ઘણીવાર તેની પર પ્રતિબંધો પણ મૂકયા હતા.

3) દફ્તરીય સંદર્ભો

સ્વાતંત્ર્ય સંગ્રામના સમય દરમિયાન અંગ્રેજ સરકારે જે તે લડત સમયે કરેલી કાર્યવાહી, ધરપકડોના વોરંટ, દૈનિક અહેવાલો, F I R રિપોર્ટ્સ વગેરે પ્રકારની માહિતી પણ ખૂબ જ મહત્વની છે. ખેડા જિલ્લામાં અંગ્રેજ સરકારે કરેલી કાર્યવાહીની વિગતો આપણને મુંબઇ તથા દિલ્લીમાં આવેલા દફ્તર ભંડારોમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે મુંબઇમાં આવેલા દફ્તરભંડારમાંથી

File no	Year	File Name
1110(3)(b)	1942-43	Orders under d of I rule 56 issued by the d.m.kaira
1110(4)-c(2)-III	1943	C d movement 1942bhagvandas kashibhai patel
1110(8)-A	1942	C d movement 1942 COLLECTIVE FINES ORDINANCE 1943
1110(8)-B(1)	1942	C d movement 1942 collective fines ordinance 1942 kaira dist
1110(50)-c-1	1943-44	C d movement 1942 judgments in serious polictical cases which have been brought ot courts, kaira dist
		C d movement 1942 maintenance allowance grant of to the families of security prison, kaira dist
1110(90)b	1942	C d movement 1942 prosecutions under explosive substances act 1908, kaira dist
1110(100)2	1943	C d movement 1942 security prisoners review of case of kalidas kalyanbhai patel, kaira dist
1110(109)e	1942-43	C d movement 1942 situation in , kaira dist
204	1907	Indian news paper co. Bombay Chronicle, B.G.Herniman
299	1942	Books And Publications Ranchandi
800(34)g	1932	Nadiad Municipality to Bldg,
800(63)	1938-40	All india spinners ass0ciataion policy
800(73)-4	1932	C d movement 1942 Daily reports, kaira dist
800(98)	1935	Vallabbhai patel Activites of Gujarat after j His release from jail
750(40)c-1	1931	C d movement 1942 Action with regards to the moveable property seized under unlawful, kaira dist
750(92)	1930	C d movement Alleged police excesses
800(4)pt.xix	1932	C d movement 1932 congress funds khaira dist

800(14)b(3)	1932	C d movement 1932 Action taken khaira dist u/s 4 of
800(27)	1935	Municipalities
800(29)	1932-41	C.D.O.Movement 1932 schools and colleges
502-A	1919	Weaver's Thumbs
543(14)C	1936	I.K.Yajnik
543(14)C-I	1935	I.K.Yajnik activities of Since when he return to India.
724(2)	1928-29	Youth Movement Strike of Students in Gujarat College
750(4)D	1930	C.D.O.Movement 1932 Campaign
950-II	1938	Indian National Congress Haripura Session
950(A)	1938	Indian National Congress Haripura Session and after
950(A)I	1938	Indian National Congress Haripura Session and after
114	1923	Book Swarajya Garbavli
1020(5)C-3	1940-41	C.D.O.Movement 1940,daily reports kaira dist
1018(10)I	1941-42	Independence Day Gujarat samachar paper cuttings
1020(8)(11)	1941	C d movement 1940 Action taken against indivuduals in the khaira dist u/s ruels 129 and 26
	09/110/16	
584-E-II	1929	Non payment of land Revenue in Bardoli taluka(Surat) 1928, News paper reports 1929
750(30)I	1930	Picketing of liquer shops and Measures to deal with
754-I	1931	Christa seva sengha, Political activities of the Verrier Elvin
800(4)xix	1932	Action taken in Kaira Dist
800(14)a(6)	1932	Emergency powers ordinance Action taken in Kaira dist
800(14)b(4)	1932	Emergency powers ordinance Action taken in Kaira dist u/s 4 of
750(30)I	1930	Picketing of liquer shops and Measures to deal with
754-I	1931	Christa seva sengha, Political activities of the Verrier Elvin
800(4)xix	1932	Action taken in Kaira Dist

- File no. – 800(14) Class – A, Action taken in Kaira district under section-3,1932
- File no.-800(73) Class – A, Weekly reports kaira district – 1932.
- File no. – 111(3) D – 2, Order under defence of India Rule 56 issued by the district Magistrate kaira – 1942
- File no. – 1110(6) A – 4, Daily reports, kaira district, -1942.
- File no.–1110(3),Class – B, Express letter on secretary to Government H.D.Department Bombay,

4) સ્વાતંત્ર્ય સંગ્રામના ખેડા જિલ્લાના સંદર્ભમાં થયેલાં ઇતિહાસ લેખનમાં રહી ગયેલી ખામીઓ :

સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લાનાં યોગદાન વિશે જે ઇતિહાસ લેખન થયું છે તેમાં કેટલીક ખામીઓ પણ રહી ગયેલી છે.જેવી કે,

- સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લાનાં યોગદાન વિશે કેટલાક સ્વાતંત્ર્યસેનાનીઓએ લખ્યું તેમાં તેમણે માત્ર નડિયાદ કે આણંદ જેવાં મોટાં નગરોનાં યોગદાન વિશે જ વાત કરેલી છે. નાનાં ગામડાંના ખેડૂતો કે પ્રજાની વાત આવતી જ નથી. દા.ત. ખેડા સત્યાગ્રહમાં મહેસૂલ મુલતવી રાખવાની પ્રથમ અરજી મોહનલાલ પંડયાએ કરી તેમ મોટા ભાગના લેખકો જણાવે છે. પરંતુ ખરેખર પ્રથમ અરજી કરનાર સોમાભાઇ કાશીભાઇ નામના વ્યક્તિ હતા. આ અરજી તેમણે 15/11/1917ના રોજ કરી હતી[1]જયારે મોહનલાલ પંડયાએ કરેલી અરજીની તારીખ 20/11/1917 છે. [2]
- સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લાનાં યોગદાન વિશેનાં ઇતિહાસ લેખનમાં કેટલીક અગત્યની માહિતીનો પણ અભાવ જોવા મળે છે. જેમ કે, વિઠ્ઠલ કન્યાવિદ્યાલયના સેક્રેટરી તથા એન.ઇ.એસ. શાળાના આચાર્ય અંબાલાલ લલ્લુભાઇ પટેલની પિકેટીંગ કરતાં થયેલી ધરપકડની[3] માહિતી કયાંય મળતી નથી. આ સિવાય પિકેટીંગ કરતી બહેનોની ધરપકડ સરકાર કરતી અને ત્યારબાદ તેમને વાસદનાં કોતરોમાં એકલી છોડી મૂકતી. આવી હિંમતવાળી બહેનોની વાત કયાંય આવતી જ નથી. [4]ગાંધીવાદી નેતાઓની વાત દરેક જગ્યાએ જોવા મળે છે.
- સ્વાતંત્ર્ય સંગ્રામમાં સમાજના તમામ વર્ગોએ ભાગ લીધો હતો પણ દલિત સમાજે આપેલા યોગદાનની માહિતીનો અભાવ જોવા મળે છે.આઝાદીની લડતમાં મહત્તમ યોગદાન આપનાર કુબેરદાસ વૈષ્ણવની માહિતી ક્યાંય મળતી જ નથી. ઇ.સ.1942ની લડત સમયે નડિયાદની ન્યૂ શોરોક મિલના મજૂરોએ 3 મહિના સુધી હડતાલ ચલાવી હતી.[5] આવા મિલ મજૂરો જેવા કે મંગળદાસ પ્રેમાભાઇ મકવાણા, પિતાંબર મોરારભાઇ પરમારના નામ કયાંય જોવા મળતાં નથી.
- ભારતમાં અસહકાર ચળવળમાં અંગ્રેજી શિક્ષણનો બહિષ્કાર કરવાનો પણ એક મહત્વનો કાર્યક્રમ હતો. જેનો વિરોધ કરવા માટે ઉત્તરસંડા ગામના કાળીદાસ કલ્યાણભાઇ પટેલે 'સરકારી શાળામાં જવું મહાપાપ છે' તેવું બોર્ડ ગળામાં લટકાવી સરકારી શાળા પાસે પિકેટીંગનું કાર્ય કર્યું હતું. આ માહિતી માત્ર બ્રિટિશ દસ્તાવેજોમાંથી જ મળે છે.
- બારડોલી સત્યાગ્રહ સમયે વલ્લભભાઇએ લોકોને યથાશક્તિ ફાળો આપવા માટે વિનંતી કરેલી જેના માટે ખેડા જિલ્લાના છોટાભાઇ કાશીભાઇ તરફથી રૂ.5/- તથા બીજા નાના મોટા ખેડૂતો તરફથી યથાશક્તિ ફાળો મોકલવામાં આવ્યો હતો.[6] આ બાબતની માહિતી ગાંધીજીનાં 'નવજીવન' સામયિક સિવાય બીજાં કોઇ પુસ્તકમાં મળતી નથી.
- બારડોલી સત્યાગ્રહ સમયે ખેડા જિલ્લામાં થયેલી એક સભામાં સત્યાગ્રહને ટેકો આપવાનું જાહેર કરવામાં આવેલું. આ સભાની માહિતી વિશે 'Times of India'માં એક લેખ છપાયો જેમાં ખેડા જિલ્લાની પ્રજા બારડોલી સત્યાગ્રહનું સમર્થન કરતી નથી તેવું જુઠ્ઠાણું છાપ્યું હતું. તેનો વિરોધ આ જિલ્લાની પ્રજાએ કર્યો. તે બાબતની સાચી માહિતી આપતો વેણીદાસ પુરોહિતનો લેખ બોમ્બે ક્રોનિકલમાં છાપવામાં આવલો. [7]

- કોઇપણ લડતમાં વિદ્યાર્થીઓનો ફાળો પણ મહત્વનો હોય છે કારણ કે, નેતાના પ્રવચન માટેની પત્રિકા પહોંચાડવાનું કાર્ય, પ્રભાતફેરીનું કાર્ય, વિવિધ દિવસોની ઉજવણી, પોલીસને દોડાવી દોડાવી હંફાવી નાખવાનું કાર્ય, ગામડાંઓ સુધી રચનાત્મક પ્રવૃતિનો પ્રસાર કરતી વિદ્યાર્થીઓની વાનરસેનાની માહિતીનો અભાવ જોવા મળે છે.રાવજીભાઇ મણિભાઇ પટેલે વિદ્યાર્થી સંગઠન ઊભું કરી ગામડાંઓ સુધી ખાદી પ્રદર્શન યોજ્યુ હતું. આ અંગેની માહિતી બ્રિટીશ દસ્તાવેજો પૂરી પાડે છે. [8]
- આધુનિક સમયમાં ખેડા જિલ્લાનાં યોગદાનના સંદર્ભમાં લખાયેલાં પુસ્તકોમાં મોટાભાગે ઉઠાંતરી જોવા મળે છે. તેમાં બ્રિટીશ દસ્તાવેજોનો અભ્યાસ ન કરવામાં આવ્યો હોય તેમ સ્પષ્ટપણે જોવા મળે છે. જો અભ્યાસ કરવામાં આવ્યો હોત તો સ્વાતંત્ર્ય સેનાનીઓએ લખેલાં પુસ્તકોમાંથી મળતી માહિતી તથા બ્રિટીશ દસ્તાવોજોમાંથી મળતી માહિતીનો તુલનાત્મક અભ્યાસ કરી સચોટ માહિતી પોતાનાં પુસ્તકમાં આપી શકયા હોત.

ઉપસંહાર:

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ ઉપર ગુજરાતમાં થયેલા સ્વાતંત્ર્યસંગ્રામ અંગેનાં ઇતિહાસ લેખનમાં સ્થાનિક ઇતિહાસ અંગે ઉપેક્ષા સેવાયેલી હોવા છતાં તેમાંથી ઘણી માહિતી પ્રાપ્ત થાય છે . ગુજરાતનો ખેડા જિલ્લો સ્વાતંત્ર્યસંગ્રામમાં અગ્રેસર રહેલો જોવા મળે છે. ખેડા જિલ્લાના સ્વાતંત્ર્યસેનાનીઓની મુલાકાત બાદ તેમણે વર્ણવેલી દેશની જે તે સમયની પરિસ્થિતિ, અંગ્રેજ સરકારની નીતિઓ વગેરે ઉપરથી આઝાદીની લડતમાં દરેક વ્યક્તિએ આપેલું યોગદાન કેટલું મહત્વનું છે તેની સમજ પ્રાપ્ત થાય છે. હા, તેનાં વિશે થયેલાં ઇતિહાસલેખનમાં કેટલીક ભૂલો ચોક્કસ રહી ગયેલી છે પરંતુ તેનો ઇતિહાસ ગૌરવવંતો તથા મહાન છે.

સંદર્ભસૂચિ

I. Source Material For A History of the Freedem movement in India,vol – II, 1885-1920,Government of Bombay,1958,page - 730
II. શંકરલાલ પરીખ,'ખેડાની લડત', પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,1992,પૃ.10
III. File no.800 (74) 4. Iii,class – 3,daily reports,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહીત,પૃ.3.
IV. તા.14/12/2009.વિઠ્ઠલ કન્યાવિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થિની ઇન્દુબેન પટેલની મુલાકાતને આધારે.
V. File no.1110(109),(e),New sorrok mill,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહીત,પૃ.67.
VI. મોહનદાસ ગાંધી,'બારડોલી સત્યાગ્રહમાં ફાળો',નવજીવન,પુસ્તક-9,અંક-38,10મે 1928,પૃ.328.
VII. Home Department special file no. 584,pt-ii,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહિત,પૃ.91.
VIII. File no. 1020(5),(3),daily reports,1941,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહિત,પૃ.67.

સંદર્ભગ્રંથ સૂચિ

I. Source Material For A History of the Freedem movement in India,vol – II, 1885-1920, Government of Bombay,1958.
II. શંકરલાલ પરીખ,'ખેડાની લડત', પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,1992.**નવજીવન**

III. મોહનદાસ ગાંધી,'બારડોલી સત્યાગ્રહમાં ફાળો',નવજીવન,પુસ્તક-9,અંક-38,10મે 1928. **રૂબરૂ મુલાકાત**

IV. તા.14/12/2009.વિઠ્ઠલ કન્યાવિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થિની ઇન્દુબેન પટેલની મુલાકાતને આધારે.**મહારાષ્ટ્ર રાજય અભિલેખાગાર,મુંબઇ**

V. File no.1110(109),(e),New sorrok mill,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહીત.

VI. Home Department special file no. 584,pt-ii,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહિત.

VII. File no. 1020(5),(3),daily reports,1941,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહિત.

VIII. File no.800 (74) 4. Iii,class – 3,daily reports,મહારાષ્ટ્ર રાજય દફ્તર ભંડારમાં સંગ્રહીત.

****

પ્રા ભાવિનકુમાર પરમાર.
મદદનીશ પ્રાધ્યાપક
ઇતિહાસ
સરકારી વિનયન કોલેજ
ધાનપુર

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat